" BRASS CITY "
JAMNAGAR FACTORY OWNER'S ASSOCIATION
ESTD : 1948
75 YEARS PLATINUM JUBILEE
Plot No. 370/372, G.I.D.C. Industrial Area, Shankar Tekri,
Udyognagar, Jamnagar-361 004. (India).
+91 288-2560002-2560003 +91 94264 92698
jfoaj@yahoo.com www.jamnagarfactoryassociation.com
Scan Me for Android Mobile Application

તા.:–૦૩/૦૨/૨૦૨૬

## –:એસોસીએશનના સભ્યોને સભાસદ ભેટ મેળવવા માટે છેલ્લુ રીમાઈન્ડર :–

જામનગર ફેકટરી ઓનર્સ એસોસીએશનની સ્થાપનાને ૭૫ વર્ષ થયા છે તેની યાદીરૂપે એસોસીએશનના સભ્યોને સભાસદ ભેટ (૧૫ ગ્રામનો ચાંદીનો સિકકો) આપવામાં આવી રહી છે. વારંવારના રીમાઈન્ડર છતાં અમુક સભ્યો હજુ સુધી તેમની સભાસદ ભેટ લેવા માટે આવેલ નથી તો જે સભ્યોની સભાસદ ભેટ બાકી છે તેને આગામી તા.:–૨૮/૦૨/૨૦૨૬ ને શનિવાર સુધીમાં (શુક્રવાર સીવાય) સંસ્થાના સમય સવારે ૧૦–૦૦ થી ૧–૦૦ તથા બપોરે ૩–૦૦ થી ૬–૦૦ દરમ્યાન મેળવી લેવાની રહેશે ત્યારબાદ વિતરણ બંધ થશે અને સભ્ય સભાસદ ભેટ મેળવવા માટે હકદાર રહેશે નહી જેની સ્પષ્ટ નોંધ લેવી.

## – : સભાસદ ભેટ મેળવવા માટેની ખાસ નોંધ : –

(૧) સંસ્થાની વાર્ષિક સામાન્ય સભામાં સર્વાનુમતે લેવાયેલ નિર્ણય મુજબ જે ઉદ્યોગકારમીત્રોએ ગત તા.:–૩૧/૦૧/૨૦૨૫ સુધીમાં એટલે કે જામનગર ઈન્ડસ્ટ્રીયલ ઈન્ટરનેશનલ એક્સ્પો–૨૦૨૫ ના આયોજન પહેલા સંસ્થામાં સભ્યપદ મેળવેલ હશે તેને જ સભાસદ ભેટ મળવાપાત્ર છે.

(૨) સંસ્થામાં અગાઉના ઘણા વર્ષોથી સભ્યપદ ધરાવતાં સભ્યોએ એકીસાથે ૦૪ વર્ષનું લવાજમ રૂ/–૧૪૧૬ ભરેલ હશે તથા હાલમાં સંસ્થામાં સભ્યપદ ચાલું હશે તેને જ સભાસદ ભેટ મળવાપાત્ર છે જેની સ્પષ્ટ નોંધ લેવી. જે સભ્યોનું વર્ષ ૨૦૨૬ નું લવાજમ ડયુ થઈ ગયેલ છે તે આગામી તા.:–૨૮/૦૨/૨૦૨૬ સુધીમાં ૦૨ ટર્મ (૦૬ વર્ષનું) લવાજમ રૂ/–૨૧૨૪ એકીસાથે ભરી સભાસદ ભેટ મેળવી શકશે.

(૩) સંસ્થાના મેમ્બર રજીસ્ટરમાં નોંધાયેલ જે તે ઔધૌગિક એકમના માલિક/ભાગીદાર/અથવા જે તે પેઢી વતી નિયત નમુનામાં ઓથોરીટી લેટર રજુ કરનાર પ્રતિનિધિ/કર્મચારી સીવાય અન્ય કોઈપણ વ્યકિતને સભાસદ ભેટ આપવામાં આવશે નહી જેની સ્પષ્ટ નોંધ લેવી.

(૪) સભાસદ ભેટ મેળવવા માટે સભ્ય પોતે આવે તો ખરાઈ માટે જરૂરી ડોકયુમેન્ટ

(૧) આધાર કાર્ડ (૨) કંપનીનો એડ્રેસ/સાઈન/રાઉન્ડ રબ્બર સ્ટેમ્પ ફરજીયાત છે.

(૫) સભાસદ ભેટ મેળવવા માટે સભ્યના પ્રતિનિધિ/કર્મચારી આવે તો જરૂરી ડોકયુમેન્ટસ

(૧) કંપનીના લેટરપેડ પર માલિકના સહિ/સિકકા સાથેનો ઓથોરીટી લેટર ફરજીયાત.

(૨) પ્રતિનિધિ/કર્મચારીના આધારકાર્ડની માલીકે પ્રમાણીત કરેલી નકલ ફરજીયાત.

(૩) કંપનીનો એડ્રેસ / સાઈનનો રબ્બર સ્ટેમ્પ ફરજીયાતપણે સાથે રાખવો.

**માંગેલ વિગતો સાથે રાખી સહકાર આપવા વિનંતી છે**

**નિશીત જે. આચાર્ય – આસી. મેનેજર – જા.ફે.ઓ.એ.**

## સભાસદ ભેટ મેળવવા માટેના ઓથોરીટી લેટરની ફોરમેટ (કંપનીના લેટર હેડ પર)

તા........./૦૨/૨૦૨૬

પ્રતિ,
માનદમંત્રીશ્રી,
જામનગર ફેકટરી ઓનર્સ એસોસીએશન,
જામનગર.

**વિષયઃ– સભાસદ ભેટ મેળવવા માટેનો ઓથોરીટી લેટર**

મહોદયશ્રી,

અમારી પેઢી/કંપની જામનગર ફેકટરી ઓનર્સ એસોસીએશનમાં સભ્યપદ ક્રમાંક..............થી ધરાવે છે. એસોસીએશન દ્વારા આપવામાં આવી રહેલ સભાસદ ભેટ અમારા વતી, આ ઓથોરીટી લેટર લાવનાર અમારી પેઢી/કંપનીના પ્રતિનિધિશ્રી/કર્મચારીશ્રી ..........................................ને આપવા વિનંતી છે. ખરાઈ માટે તેના આધારકાર્ડની અમોએ સહિ/સિકકો મારી પ્રમાણિત કરેલી નકલ તથા અમારી પેઢી/કંપનીના એડ્રેસ/સાઈનીગ રબ્બર સ્ટેમ્પ આ સાથે મોકલેલ છે.

આભાર સહ,

બિડાણઃ– (૧) સભાસદ ભેટ લેવા આવનારના આધારકાર્ડની પ્રમાણીત નકલ
(૨) અમારી પેઢી/કંપનીના એડ્રેસ/સાઈનના રબ્બર સ્ટેમ્પ

BRASS CITY
JAMNAGAR FACTORY OWNER'S ASSOCIATION
ESTD : 1948